# ગુજરાત યુનિવર્સિટી મધ્યસ્થ પ્રવેશ સમિતિ ૨૦૨૧-૨૦૨૨

કેન્દ્રિય પ્રવેશ પ્રક્રિયામાં આપનું સ્વાગત છે.

## યુનિવર્સિટી ખાતે ચાલુ શૈક્ષણિક વર્ષે થનાર પ્રવેશની પ્રક્રિયા માટેની પ્રાથમિક માર્ગદર્શક સૂચનાઓ:

- વિવિધ વિદ્યાશાખામાં કેન્દ્રિય ધોરણે મેરીટને આધારે ફક્ત ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા જ થશે.
- વિદ્યાર્થી તથા વાલીઓને આથી જણાવવામાં આવે છે કે માત્ર યુનિવર્સિટીની વેબસાઈટ પર મુકેલ પ્રવેશ કાર્યવાહી સંબધી માહિતી અને સૂચનાઓનું ધ્યાનપૂર્વક પાલન કરવાથી પ્રવેશની પ્રક્રિયા સુચારુ રૂપે થઇ શકશે.

  અનધિકૃત માહિતી, અન્ય પ્રલોભનો, દુષ્પ્રચાર થી પ્રભાવિત ના થવું

- વિનયન, વાણીજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના સ્નાતક કક્ષાના અભ્યાસ ક્રમોમાં કામચલાઉ પ્રવેશની પ્રક્રિયા તા.૧૯-૦૭-૨૦૨૧ને સોમવારથી કાર્યરત થશે.
- જે તે ફેકલ્ટીના પ્રવેશ માટે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં વિસ્તાર ને આધારે પ્રવેશ અંગેના હેલ્પ સેન્ટર રહેશે.
- પ્રવેશ માટેની સંભવિત બેઠકો અને કોલેજોની યાદી માહિતી પુસ્તિકામાં પ્રસિદ્ધ કરવામાં આવશે.
- જે તે સંબંધિત બોર્ડ માંથી ઉત્તીર્ણ વિદ્યાર્થીઓ ની official માહિતી મળ્યે થી કાયમી પ્રવેશ સંબંધી રજિસ્ટ્રેશન ની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે.

- સ્નાતક કક્ષાના કોર્ષ, અનુસ્નાતક કક્ષાના કોર્સ તેમજ પાંચ વર્ષ ના ઇન્ટીગ્રેટેડ અનુસ્નાતક કક્ષાના કોર્ષમાં પ્રવેશ માટે ગુજરાત યુનિવર્સિટી વેબસાઈટ www.gujaratuniversity.ac.in પર ધોરણ ૧૨ પાસ તમામ વિદ્યાર્થીઓ માહિતી મેળવી શકશે.

- રજીસ્ટ્રેશન ફોર્મ ભરવા વિદ્યાર્થીએ પોતાની સામાન્ય માહિતી, ધોરણ ૧૨ની માર્કશીટ, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, પાસપોર્ટ ફોટો, સહીનો નમુનો, જો કોઈ કેટેગરી લાગુ પડતી હોય તો તેનું પ્રમાણપત્ર (SEBC વિદ્યાર્થીએ તા. ૦૧-૦૪-૨૦૧૯ કે ત્યારબાદ મેળવેલ નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર), વગેરે દસ્તાવેજો સોફ્ટ કોપીમાં તૈયાર રાખવા, જે રજીસ્ટ્રેશન ફોર્મ સમયે અપલોડ કરવાના રહેશે.

- એડ્મિશન પોર્ટલમાં મુકવામાં આવતી માહિતી / સુચના સમયાંતરે વાંચતા રહેવું અને તેનો અમલ કરવો.

- દરેક વિદ્યાશાખાની પ્રવેશ માહિતી પુસ્તિકા રજિસ્ટ્રેશન કરતી વખતે પ્રાપ્ત થશે અને એડ્મિશન પોર્ટલ પર મુકવામાં આવશે.